પતંગરસિયાઓ માટે ખુશ ખબર ઉત્તરાયણમાં પવન સાનુકૂળ રહેશે

ગાંધીનગર, તા. ૭

હાલમાં તા. ૭થી ૧૦ માં હવામાનમાં પલટો આવેલ છે અને દરિયા કિનારાના ભાગોમાં વરસાદની શક્યતા જણાય છે. ત્યારે કમોસમી વરસાદ અંગે જોતાં હજુ પણ જાન્યુ. તા. ૧૨, ૧૩ અને ૧૪ માં હવામાનમાં પલટો આવવાની શક્યતા છે અને કચ્છ, રાજસ્થાનના ભાગોમાં તેમજ

રાજ્યના કોઈ કોઈ ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે. આ વખતની ઉત્તરાયણ ઉપર પણ વાદળો આવવાની શક્યતા છે. ઉત્તરાયણ તા. ૧૪ મી ની રાત્રી એટલે તા. ૧૫મી તારીખ રાત્રે ૨ કલાક અને ૮ મિનિટે સૂર્ય ઉત્તરાયણ આયનમાં આવે છે જો કે ખરૂ ઉત્તરાયણ તો ૨૨ મી ડિસેમ્બરે હતુ. આ ગણતરી નિરીયન સંકાંતિની ગણતરી છે અને આપણે ત્યાં નિરીયન સંકાંતિનું મહત્વ છે. આ સંકાંતિ રાત્રીના તા. ૧૫ છે હવે ૨૦૨૪ માં ઉત્તરાયણ રાત્રીના ભાગમાં આવશે. આમ ત્રણ-ચાર વર્ષે ઉત્તરાયણમાં ફરક પડતો હોય છે. હવેની ઉત્તરાયણ ૨૦૨૧ મીએ પોષ સુદ એકમ અને ગુરૂવાર સવારે ૮ કલાક અને ૧૫ મિનિટે આવશે.

ઉત્તરાયણના સમયગાળા દરમિયાન સખત ઠંડી પડશે : અંબાલાલ પટેલ

૨૦૨૨ માં લગભગ ૧૪ કલાકને ૨૧ મિનિટે આવશે. એક ઉત્તરાયણ અને તે પછી આવતી ઉત્તરાયણ વચ્ચે ૬ કલાક અને ૯ મિનિટ જોડતાં તે પછીની ઉત્તરાયણ આવે છે. ૨૦૨૪ માં ૨૬ કલાક અને ૪૩ મિનિટે રાત્રીના ભાગમાં પુનઃ ઉત્તરાયણ આવશે. ઉત્તરાયણનો પુણ્યકાળ સૂર્યના મધ્યમ બિંદુની કલા સાથે હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૪૨ હજાર ખેડૂતોને ૨૪.૫૦ કરોડની સહાય ચૂકવાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કમોસમી વરસાદ પછી રાજ્ય સરકારે જાહેર કરેલ કૃષિ ઈનપુટ સહાય મેળવવા જિલ્લાના ૬૪ હજાર ખેડૂતોએ અત્યાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

બે ભાગમાં જાહેર થયેલ સહાય પેકેજ માટે રજીસ્ટ્રેશન કરાવવાની મુદત સરકારે ૧૪ મી જાન્યુઆરી સુધી લંબાવી છે.

જિલ્લામાં હજુ પણ ખેડૂતો દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે આ માટે હજુ એક સપ્તાહ જેટલો સમય બાકી છે. બીજી તરફ તંત્રએ પણ વધુ ને વધુ ખેડૂતોને આ સહાયનો લાભ મળે તે માટે ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની જાગૃતિ માટે બેઠકોનું આયોજન કર્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨ હજાર જેટલા ખેડૂતોના રજીસ્ટ્રેશન અંગેની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે અને રૂ. ૨૪.૫૦ કરોડની ચુકવણી માટેના આદેશો પણ જારી કરી દેવાયા છે. આ ચુકવણુ આગામી બે દિવસમાં જિલ્લા તિજોરી દ્વારા ખેડૂતોના ખાતામાં સીધુ જમા આપી દેવામાં આવશે.

જિલ્લામાં ચકાસણીની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે અને આગામી સપ્તાહમાં રોજેરોજના ધોરણે ચુકવણીના આદેશો જારી કરવામાં આવે તે રીતે આખુ આયોજન કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરના ૨૮ હજાર બાળકોને પલ્સ પોલિયો અભિયાનમાં આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૭

આગામી ૧૯ મી જાન્યુઆરીના રોજ પલ્સ પોલિયો અભિયાન હાથ ધરાશે. આ અંતર્ગત ગાંધીનગર શહેરના ૨૮ હજાર બાળકોને આવરી લેવામાં આવશે. આજે આ અંગે ટાસ્કફોર્સ કમિટીની કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણ)ના અધ્યક્ષપદે બેઠક મળી હતી જેમાં આયોજનની વિગતો રજુ કરી તેને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે શહેરના ૨૮ હજાર જેટલા બાળકોને આવરી લેવા માટે ૧૦૦ બુથ ઉભા કરવામાં આવશે. આ માટે ૫ મોબાઈલ ટીમ તેમજ ૭ ટ્રાન્સીટ પોઈંટ ઉપર બે ટીંપા પોલિયો અભિયાન અંતર્ગત પીવડાવવામાં આવશે. આ અભિયાનમાં ૫૦૦ થી વધુ કર્મચારીઓ જોડાશે. શહેરના ૦ થી ૫ વર્ષના બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

રાજસ્થાન અને રક્ષાશકિત સર્કલ પર ફલાય ઓવર બનાવાનો પ્રાજેકટ અટવાયો

એક યા બીજા વહીવટી કારણોસર પ્રોજેકટનુ કામ હાથ ધરવામાં વિલંબ : વિકાસની વાતો વચ્ચે મંજુર પ્રોજેકટોનુ પણ ઠેકાણુ પડતુ નથી : વિભાગો વચ્ચે સંકલનનો અભાવ પણ જવાબદાર : ટ્રાફિક જામથી નાગરિકો ત્રાહીમામ

ગાંધીનગર તા ૭

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં અનેકવિધ પ્રોજેકટોનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આવનારા દિવસોમાં નગરનો નઝારો બદલાઈ જશે. શહેરની સાથે આસપાસના વિસ્તારમાં પણ અનેક પ્રોજેકટોનુ કામ હાથ ધરવામાં આવશે. સ્માર્ટી સીટીના આયોજન માટે સોહામણી યોજના અમલમાં મુકવામાં આવી રહી છે ત્યારે શહેર તેમજ આસપાસના વિસ્તારના રોડ નેટવર્કને પણ ટ્રાફિકના ધમધમાટને ધ્યાને લઈ અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે. માર્ગ મકાન વિભાગના બે પ્રોજેકટ છેલ્લા ઘણાં સમયથી ઘોંચમાં પડયા છે. મંજુર થયેલી કામગીરી પણ અધ્ધરતાલ છે. લાંબા સમયના અંતે આ પ્રોજેકટ કાગળ ઉપર પણ આખરી થયા નથી જયારે એક વિભાગના બીજા વિભાગ સાથેના સંકલનના અભાવે પણ આ કાર્યયોજના સાકાર કરવા સ્થળ પર હજુ સુધી કામ શરૂ થઈ શક્યુ નથી. શહેર નજીક સ્થિત રાજસ્થાન સર્કલ પર ફલાય ઓવર બનાવાવા માટે છેલ્લા ઘણાં સમયથી ડિઝાઈન આખરી થઈ નથી. આ ઠેકાણે કેબલ સ્ટેડ બ્રિજનુ નિર્માણ કરવામાં આવનાર છે. જયારે આ પ્રોજેકટનો અંદાજિત ખર્ચ પણ રૂ ૧૩૫ કરોડ થવાનો છે. આ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ પણ વિશેષ રહે છે. આ પ્રોજેકટની ડીઝાઈન પણ ડિઝાઈન સર્કલ કક્ષાએથી આખરી થઈ નથી જેના લીધે કામગીરી આગળ થઈ શકી નથી. જયારે રક્ષાશકિત સર્કલને અનુલક્ષીને પણ ફલાય ઓવરનુ નિર્માણ કરવામાં આવનાર છે. આ પ્રોજેકટ પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેકટની પ્રાથમિક ડીઝાઈન પણ તૈયાર થઈ ગઈ છે. બીજીતરફ સાઈટ પર મેટ્રો પ્રોજેકટનુ કામ પણ ચાલતુ હોવાથી મેટ્રો પ્રોજેકટના ભાવિ આયોજન તેમજ ફલાય ઓવરના નિર્માણની વાતને અનુલક્ષી બન્ને વિભાગો વચ્ચે યોગ્ય સંકલન ન થતા છેલ્લા એક વર્ષથી મંજુરી આ પ્રોજેકટનુ કામ આગળ વધી શક્યુ નથી. સ્માર્ટ સીટીની સોહામણી યોજનાઓ તેમજ સૌનો સાથ સૌનો વિકાસના અભિગમ સાથે આગળ વધતી સરકાર હજુ વહીવટને સ્માર્ટ બનાવી શકી નથી મંજુર થયેલા કામો પણ આગળ વધવામાં વર્ષો વીતી જાય છે. એટલુ જ નહીં પણ વાહનોની વધતી સંખ્યા સાથે સતત ધમધમતા ટ્રાફિકને યોગ્ય દિશા આપવા માટે રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવુ અનિવાર્ય છે. પરંતુ વિકાસની વાતો વચ્ચે રાજયના પાટનગરમાં જ વિકાસ કામો ટલ્લે ચઢે છે.

તીડગ્રસ્ત ક્ષેત્રોના ૧૧ હજાર ખેડૂતોને વળતરની જાહેરાત

ગાંધીનગર, તા.૭

રાજયના જુદા જુદા વિસ્તારમાં તીડના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. પાકને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં સરકારે હવે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવીને ખેડૂતોને રાહત આપવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરુપે અસરગ્રસ્ત જિલ્લાઓમાં નુકસાનનો સામનો કરી ચુકેલા ખેડૂતોને વળતર ચુકવવાનો આજે નિર્ણય કરાયો હતો. રાજય સરકારે ઉત્તર ગુજરાતના બે જિલ્લામાં તીડે નોંતરેલા નુકસાનનું વળતર જાહેર કર્યુ હતું.

ગાંધીનગર ખાતે બે દિવસીય ઈનોવેશન ફેર આરંભાયો

જિલ્લાના પાંચમા ઈનોવેશન ફેરમાં ૩૬ શિક્ષકોએ તેમના ઈનોવેશન રજુ કર્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન દ્વારા આજથી બે દિવસીય પાંચમો ઈનોવેશન ફેસ્ટીવલ શરૂ થયો છે. જિલ્લાના ૩૬ શિક્ષકો દ્વારા તેમના દ્વારા કરાયેલ ઈનોવેશનની રજુઆત કરવામાં આવી છે.

આ ૩૬ અભિનવ પ્રયોગોમાં કલોલના ૧૫ શિક્ષકો, ગાંધીનગર તાલુકાના શિક્ષકો દ્વારા ૭ અને ગાંધીનગર શહેરના ૩ શિક્ષકો દ્વારા, દહેગામ તાલુકાના શિક્ષકો દ્વારા ૯ તેમજ અને માણસાના શિક્ષકો દ્વારા ૩ પ્રયોગ કૃતિઓ રજુ કરવામાં આવી છે.

ગત વર્ષે આ ઈનોવેશન ફેરમાં ૨૭ જેટલી કૃતિઓ રજુ થઈ હતી. આ કૃતિઓમાં પ્રાથમિક-ઉચ્ચ પ્રાથમિક વિભાગના ૩૨, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના ૨ અને પ્રશિક્ષણ સંસ્થાઓમાંથી બે પ્રયોગો આ ફેરમાં રજુ થયા છે.

આ ઈનોવેશન ફેરનો મંગલ પ્રારંભ જીસીઆરટીના નિયામક ટી.એસ. જોશીએ કરાવ્યો હતો.

શિક્ષકોની સંવેદનશીલતા આ પ્રયોગો થકી જોવા મળી છે ખુબજ આકર્ષણ આ ઈનોવેશન ફેરે શૈક્ષણિક જગતમાં જમાવ્યુ છે. ખાસ કરીને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે નામાંકન અને સ્થાયીકરણ આ બે બાબતો અગત્યની હોવાથી તે માટે શિક્ષકોએ અપનાવેલ નવતર અભિગમ આ ફેરમાં રજુ થયા છે.

અહિ પસંદ થયેલ ઈનોવેશન પ્રોજેકટ પછી રાજયકક્ષાના ઈનોવેશન ફેરમાં રજુ કરવામાં આવશે. આજે આરંભાયેલ આ ઈનોવેશન ફેરમાં જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓ અને શિક્ષકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

અન્ડરપાસને અનુલક્ષી ટ્રાફિક ડાયવર્ટ કરવા વિવિધ ૫૦ ઠેકાણે બોર્ડ લગાવાશે

સે-૧૬,૧૭ સહીત પથિકાશ્રમ અને ચ માર્ગ પર વિવિધ જગ્યાએ ટ્રાફિકને દીશાસુચન કરતા બોર્ડસ મુકાશે

ગાંધીનગર તા ૭

શહેરના મુખ્યમાર્ગો પર અન્ડરપાસ બનાવાની યોજનાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. હાલ ઘ-૪ સર્કલ વિસ્તારમાં અન્ડર પાસની પ્રાથમિક કામગીરીને અનુલક્ષી સર્કલ દુર કરી ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે આ વિસ્તારમાં ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. સે-૧૬ માં ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે એક રસ્તો આપવામાં આવ્યો છે.જયારે આ કામગીરીને અનુલક્ષી ડાયવર્ઝનના અમલ પુર્વે શહેરમાં વિવિધ સેકટરો પથિકાશ્રમ અને ચ માર્ગ પર ૫૦ જેટલા બોર્ડસ લગાવાશે. અન્ડરપાસને અનુલક્ષી ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે વાહનચાલકોને યોગ્ય દિશા મળી રહે તે માટે આ બોર્ડસ લગાવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી હાલ ખોદકામ ચાલી રહ્યુ છે. સર્કલને દુર કરી ૬ મીટર ઉંડી ખોદકામગીરી કરવામાં આવી રહી છે. જયારે અન્ડરપાસની

● અનુસંધાન પાન-૭ પર

જાહેર ચેતવણી

આથી અમારા અસીલશ્રી બળવંતજી રમેશજી ઠાકોર, રહે. ઠાકોરવાસ, ગોળવંટા, તા.જી. ગાંધીનગરનાની સુચના ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતા જોગ લખી જણાવીએ છીએ કે.,

મોજે ગામ-વલાદ, તા.જી. ગાંધીનગરની સીમના રેવન્યુ ખાતા નંબર -૩૧૪,ના રી-સર્વે નં.-૮૦૮, (જુનો સર્વે નં. ૪૧૮/૧)ની હે.આરે. ૦-૭૪-૮૭ વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રી બળવંતજી રમેશજી ઠાકોર તેમજ અન્ય સહહીસ્સેદારોની વડીલોપાર્જીત વારસાઈ હક્કની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની સંયુક્ત નામે ચઢી ચાલતી આવેલી છે. તેવી અમારા અસીલશ્રીની સંયુક્ત માલિકીની ખેતીની જમીન બાબતે રેકર્ડે ચાલતા સહહીસ્સેદારો સાથે અમારા અસીલશ્રીની લેખિત જાણ કે સંમતિ સિવાય કોઈપણ ત્રાહિત વ્યક્તિ, શખ્સ, સંસ્થાએ કોઈપણ જાતના વેચાણ, ગીરો, બક્ષીસ કે તબદીલ, ટ્રાન્સફર કે હસ્તાંતરને પાત્ર લખાણો કરારો, દસ્તાવેજો, લેખો ઉભા કરવા કરાવવા નહી કે કોઈ જ રીતે નાણાંકીય વ્યવહારો કરવા કરાવવા નહી. તેમ છતાં કોઈપણ પ્રકારના વ્યવહારો કરવામાં આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. અને તેવા વ્યવહારો આપોઆપ રદબાતલ ગણાશે. તેમજ તેવા વ્યવહારોની જાણ અમારા અસીલશ્રીને થતાં તેવા વ્યવહારો કરનાર ઈસમો સામે અમારા અસીલ પ્રવર્તમાન કાયદાની જોગવાઈ મુજબ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહીઓ હાથ ધરશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૭/૧/૨૦૨૦ સહી/- બળવંતજી રમેશજી ઠાકોર
ગાંધીનગર અમારી મારફતે.
સહી/-
પટેલ મનોજકુમાર જેસીંગભાઈ, એડવોકેટ
૨૬, અંબિકાનગર સોસાયટી, નાની કડી, તા. કડી, જી. મહેસાણા
મો. નં. ૯૯૨૪૪ ૨૩૫૯૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

બંગલો વેચવાનો છે

સરગાસણમાં સારા લોકેશનમાં પ્રમુખ ઝીઓન બંગલો A-10, ૨૩૫ વાર બાંધકામ, ૨૦૫ વારનો પ્લોટ, ૪ બેડરૂમનો બંગલો વેચવાનો છે.

મો. ૯૮૨૪૫૪૩૧૯૫
મો. ૯૮૨૪૫૪૨૬૭૦

સે-૨૪ અને ૨૭માં આંતરિક માર્ગો ૨ કરોડના ખર્ચે સુધારાશે

સે-૨૫ અને સે-૨૬ માં પણ આંતરિક માર્ગોની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાશે

ગાંધીનગર તા ૭

શહેરના જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી ટુંકમાં હાથ ધરાશે. શહેરના સે-૨૪ અને સે-૨૭ માં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. સે-૨૫ અને સે-૨૬ માં પણ માર્ગ સુધારણાની બાકી રહેતી કામગીરી પુર્ણ કરાશે. સે-૨૪ અને સે-૨૭ માં અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચે આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે.

શહેરના જુના સેકટરોમાં માર્ગ સુધારણાની દરખાસ્તને અનુલક્ષી ટુંકમાં જ સે-૨૪ અને સે-૨૭ માં કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત સે-૨૫ અને સે ૨૬ માં પણ રસ્તાઓની મરામત તેમજ સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે. શહેરના જુના સેકટરો પૈકી બાકી રહેતા રહેતા વિસ્તારમાં માર્ગ સુધારણાનુ કામ મંજુર કરવા માટે તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષથી દરખાસ્ત કરવામા આવી હતી પરંતુ આ મામલે કોઈ ગતિવિધિ હાથ ન ધરાતા માર્ગ સુધારણાનુ કામ પણ અટવાયુ છે.

બીજીતરફ શહેરના નવા સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી મંજુર થયા બાદ પણ હજુ સુધી હાથ ધરવામાં આવી નથી આ કામગીરી છેલ્લા ૬ મહીનાથી અધ્ધરતાલ છે જો કે ટુંકમાં જ સરકારી પ્લાન્ટમાંથી આ કામ શરૂ કરી દેવાશે તેમ મનાઈ રહ્યુ છે. ત્યારે શહેરના જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાનુ કામ ઘણી જગ્યાએ બાકી છે. જેને અનુલક્ષીને નગરના સે-૨૭ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરાશે જયારે સે-૨૪ માં પણ રસ્તાઓની સુધારણા માટે કામગીરી શરૂ કરી દેવાશે આ બન્ને સેકટરોમાં અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચે માર્ગોની દશા સુધારાશે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

કોલવડા અને નારદીપુરને આયુષ ગ્રામ તરીકે વિકસાવવામાં આવશે

કોલવડા આયુર્વેદ કોલેજે આ પ્રોજેક્ટ માટે આ બે ગામ દત્તક લીધા છે : બન્ને ગામમાં હર્બલ ગાર્ડન પણ પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના કોલવડા અને નારદીપુર ગામને આયુષ ગ્રામ તરીકે ડેવલપ કરવાના સંકલ્પ સાથે કોલવડાની મોડેલ આયુર્વેદ કોલેજ દ્વારા દત્તક લેવામાં આવ્યા છે.

આ પ્રકલ્પનો આજે નારદીપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે પ્રારંભ કરાવ્યો હતો. લંબેનારાયણ આશ્રમ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના લાભ તેમજ આયુર્વેદની ઘરગથ્થુ દવાઓ કેવી રીતે ઘરના આંગણે જ ઉપલબ્ધ બની શકે છે તેની સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે આયુર્વેદ નિયામક વૈદ્ય ભાવનાબેન પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આયુર્વેદથી આયુષ્યમાં વૃદ્ધિની વિવિધ વાતો કહી હતી.

પ્રકલ્પના ભાગરૂપે આશ્રમના પ્રાંગણમાં ગળાના વૃક્ષનું જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે વૃક્ષારોપણ કરી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

પ્રકલ્પ વિશેની વાત ગાંધીનગર સમાચાર સાથે કરતાં મોડેલ આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ વૈદ્ય સ્વીટી રૂપારેલે જણાવ્યુ હતુ કે જિલ્લાના કોલવડા

અને નારદીપુર ગામની આ માટે પસંદગી કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ માટે ૧૦ હજાર કે તેથી વધુ વસ્તી ધરાવતા ગામોની પસંદગીનું માપદંડ ભારત સરકાર દ્વારા નિયત થયેલુ છે. તેમણે કહ્યુ હતુ કે આ બન્ને ગામોના તમામ નાગરિકોનું આગામી દિવસોમાં પ્રકૃતિ પરીક્ષણ કરી તેમને ઋતુચક્ર આધારિત ડાયેટ પ્લાન આપવામાં આવશે. આ ઉપરાંત લોકો યોગા જેવી પ્રવૃત્તિ તરફ વળે તે માટે સમજૂત કરવામાં આવશે.

ગામના લોકોને ઉપીયોગી આયુર્વેદ ઔષધિઓનું વાવેતર કરી અને હર્બલ ગાર્ડન પણ આ બે ગામોમાં પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવવામાં આવશે. આ માટે પંચાયત દ્વારા જમીન ફાળવણી થઈ આવેથી પ્રોજેક્ટ હાથ ધરાશે.

વૈદ્ય રૂપારેલે જણાવ્યુ હતુ કે પ્રકૃતિ પરીક્ષણ પછી અમે જે ડાયેટ પ્લાન આપીશુ તેમણે શું શું કરવુ અને શું શું ન થઈ શકે તેની સમજ પણ આપીશુ. ભારત સરકારના સહયોગ થકી આખો પ્રોજેક્ટ આગળ ધપાવવામાં આવશે. આ ગામોની અમારા વૈદ્યો દ્વારા સમયાંતરે મુલાકાત લઈ નિદાન પણ કરશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com